C|1836

કો.જા.નં. 893

કોમ્પ્યુટર વિભાગ
તા.૧૧/૧૦/૨૦૨૧

:: દફતરી હુકમ ::

વિષય : ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટની કામગીરી અધુરી છોડવા બાબત.

સંદર્ભ : ૧)LOI No-618, Date-11/09/2020
૨)PO No-1258, Date-01/01/2021
૩)કો.જા.નં.-૧૬૬૫, તા.૦૫/૦૩/૨૦૨૧(નોટીસ)
૪)કો.જા.નં.-૧૭૪૩, તા.૧૭/૦૩/૨૦૨૧(નોટીસની રિમાઈન્ડર-૧)
૫)કો.જા.નં.-૩૧૮, તા.૧૫/૦૬/૨૦૨૧(અંતિમ નોટીસ)
૬)કો.જા.નં.-૩૬૦, તા.૨૪/૦૬/૨૦૨૧(નોટીસની અંતિમ રિમાઈન્ડર)
૭)કો.જા.નં-૪૦૫, તા.૦૩/૦૭/૨૦૨૧(અંતિમ નોટીસ)
૮)કો.કમિ.મં.નં.૩૮, તા.૧૧/૧૦/૨૦૨૧

સવિનય સાથ જણાવવાનું કે એજન્સી I-Infotechsys દ્વારા ટેન્ડર નંબર-BMC/COMPUTER/5.2/2019-20 (Fourth Attempt) માટે ટેન્ડર ભરવામાં આવેલ. જે અન્વયે એજન્સી I-Infotechsysએ L1 થતી હોય, તેમની સાથે નેગોશીએશન કરી, ટેન્ડર નંબર.BMC/COMPUTER/5.2/2019-20 (ચોથા પ્રયત્ન)થી "Redesign/Redevelopment of Bhavnagar Municipal Corporation's Website (With AMC For The Period Of 1 Year) (Fourth Attempt)" નું કામ "I-Infotechsys"ને રૂ.૦૩,૨૫,000/- With GST સાથેના ખર્ચે આપવા અંગે માનનીય કમિશ્નરસાહેબશ્રીની મંજુરી (મંજુરી નં-૨૧, તા-૧૮/૦૭/૨૦૨૦) મળેલ, તેમજ સક્ષમ સત્તાની મંજુરી ઠરાવ નંબર-૨૬૬, તા-૦૩/૦૯૨૦૨૦થી મળેલ, LOI No-618, Date-11/09/2020થી એજન્સી I-Infotechsysને ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટને રી-ડીઝાઇન/રી-ડેવલપમેન્ટ કરવાની કામગીરી સોંપેલ છે.

ઉપરોક્ત સંદર્ભિત વિષય અન્વયે જણાવવાનું કે એજન્સી I-Infotechsys દ્વારા સમયમર્યાદામાં ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટના રી-ડીઝાઇન/રી-ડેવલપમેન્ટના મુખ્ય ફીચર્સ/કામીગીરીઓનું ડેવલપમેન્ટ કરવાનું કામ પૂર્ણ કરેલ નથી, ઉપરોક્ત સંદર્ભ ૩ અને ૪ અન્વયે એજન્સીને ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટને રી-ડીઝાઇન/રી-ડેવલપમેન્ટની નબળી કામગીરી તથા કામગીરી પૂર્ણ ન કરવાના કારણે નોટીસ પાઠવવામાં આવેલ ત્યાર બાદ ઉપરોક્ત સંદર્ભ ૫ થી ૭ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ રી-ડીઝાઇન/રી-ડેવલપમેન્ટની કામગીરીનું કામ પૂર્ણ કરેલ ન હોય કામ પુનઃ ચાલું કરવા અંગે ફરીથી નોટીસ આપવા છતાં ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ રી-ડીઝાઇન/રી-ડેવલપમેન્ટનું કામ ફરી ચાલું કરવા એજન્સી I-Infotechsys દ્વારા કોઈ કાર્યવાહી ન કરતાં એજન્સી I-Infotechsysની સદર ટેન્ડરને રદ ગણી, ભરેલ સિક્યુરિટી ડીપોઝીટની રકમ રૂ.૩૨,૫૦૦/- જપ્ત કરવા, ભવિષ્યમાં આ એજન્સીનાં ટેન્ડરો ધ્યાનમાં ન લેવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ સંબંધીત તમામ વિભાગે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

"નોંધ પરની માન.કમિશ્નરશ્રીની આજ્ઞાનુસાર"

11/10/2021
નાયબ કમિશ્નરશ્રી
જનરલ

❖ નકલ રવાના:

૧) એજન્સી I-Infotechsys

૨) ચીફ ઓડીટરશ્રી

૩) ચીફ એકાઉન્ટન્ટશ્રી

૪) ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ, ગાંધીનગર

૫) ગુજરાત ઇન્ફો. પેટ્રો. લીમીટેડ, ગાંધીનગર